સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

સમજુતિ નથી આ આતંકી હોલીકાની કૂખ છે,
મુખ પર મ્હોરૂ વિકાસનું સત્તાની જ ભૂખ છે,
ઘર, વતન, ન મિત્રોનાં, થયા નથી એ કોઇના -
હિંદુત્વની ન 'રામ'ની ચિંતા, સ્વાર્થમાં જ સુખ છે
(RRS-સંઘ સાથે પણ...)

હાઈકુ

સત્તા-સ્વાર્થનું
થયું ઠગ બંધન -
લવ-જેહાદ

કેમ્પમાં રાખી
બિચારા પંડિતોને -
ઘૂસી ગ્યા ખૂદ!!

ચિંતન

મનો ધાવતિ સર્વત્ર મદ્દોન્મત્ત ગજેન્દ્રવત્ । જ્ઞાનાં કુશસમા બુદ્ધિસ્તસ્ય નિશ્ચલતે મનઃ ॥

'મદોન્મત-મદ-અભિમાન-ગુમાનથી ગાંડા બનેલા ગજરાજ જેવું મન-ચારેકોર ભટક્યા કરે છે. પરંતુ જેની બુદ્ધિ જ્ઞાન-વિવેક રૂપ અંકૂશના જેવી છે તેનું મન નિશ્ચિલ-સ્થિર-મક્કમ હોય છે.'

મન-મરકટ જેવું - વાંદરા જેવું છે એ એક જગ્યાએ સ્થિર થઇ બેસે જ નહીં, અને થોડી સેકન્ડ માટે સ્થિર થાય તો પણ એની પૂંછ અને ડોકતો ચારે બાજુ પંખાની જેમ ફર્યા જ કરે.

મન ને ઇચ્છાઓની સીડી પર કૂદાકૂદ કરવાની ટેવ છે એક ઇચ્છા પૂરી થઇ નથી કે તરત બોલે, હાશ! આ તો મળ્યું પણ હવે - આ કામ થઇ જાય - મળી જાય તો સારું! ઇચ્છાઓ મૃગજળ જેવી છે માણસ એના પાછળ તૂટી ને મરી ન જાય ત્યાં સુધી દોડ્યા જ કરે છે.

એના કારસામાંથી છૂટવું હોય તો હાથીને જેમ અંકૂશ વશમાં રાખે છે તેમ સંયમ અને સંતોષરૂપી વિવેકબુદ્ધિનો 'અંકૂશ' જરૂરી છે. ઇચ્છાઓ રૂપી ગાંડા હાથીને સંતોષ અને વિવેક રૂપી અંકૂશ જ કાબૂમાં રાખી શકે.

વિવેક એટલે મારે શાની જરૂર છે? એનું હું શું કરીશ? ચાલશે - આવો વિચાર કરી.. ઇચ્છા.

સુવિચાર

- માંગનારાઓને શ્રદ્ધા કે આસ્થા સાથે કોઇ સંબંધ નથી હોતો, ધર્મ સાથે પણ સંબંધ નથી હોતો.. માંગનારાને તો એના સપના જે પૂરા કરે તે ભગવાન લાગે છે - રાજેશ વ્યાસ
- 'મારી આ મર્યાદા છે કે હું આ કરી શકતો નથી' આવું બોલીને આપણે આપણી અક્ષમતા જે કાલ્પનિક હોય છે તે જાહેર કરીએ છીએ - કર્મસૂત્ર
- ઉપરવાળો જે કરે છે તે સારા માટે કરે છે, જે આપે છે તે મારા માટે પૂરતું છે, એવો અતૂટ વિશ્વાસ આપણે મુકીશું તે દિવસે કોઇ ફરિયાદ કે કોઇ ઇચ્છા બાકી નહીં રહે- મુનિ ચંદ્રવિજયજી
- કોઇ તમને સ્મરણ કરતાં શીખવાડે અને તમે ભગવાનનું સ્મરણ કરતાં શીખો એ શક્ય જ નથી, ભક્તિ તો આંખ મીંચીને ઝંપલાવવાની વાત છે - ભક્તિસૂત્ર
- બહારનાં કર્મકાંડો દ્વારા સ્થૂળ આહુતિ આપવાને બદલે પ્રત્યેક શ્વાસે જે કંઇ મનમાં ભર્યું છે, તે ઇશ્વરને અર્પણ કર્યા કરવાથી વધુ ઇશ્વર નજીક જવાશે - એસ. ભટ્ટાચાર્ય
- મનનો એક નિયમ છે કે મનને માટેજે ચીજ અજાણી લાગે છે તે ચીજ તેને કપરી લાગે છે, અજાણી શ્રદ્ધા કરતાં શ્રદ્ધા જાણીતી શંકા સારી લાગે છે - ઓશો
- તમે જે જોઇ શકતા નથી તેમાં માનવું તેનું નામ શ્રદ્ધા - સંત ઓગસ્ટીન

- (સંકલન : દીપક વી. આસરા)

બોધ કથા

આપણે મંદિર/મસ્જીદ/દેવળમાં દર્શન-ઇબાદત માટે જઇએ છીએ છતાં આપણું ધ્યાન તો આસપાસના લોકો-તેના પહેરવેશ વગેરે ઉપર કે નવા સૂટ ચંપલમાં જ હોય છે, કંઇ નહીં તો ભગવાનના સોનાના દાગીના પર પણ હોય છે, આમાં પ્રાર્થના-ધ્યાન-ભક્તિનો છાંટોય નથી હોતો!

દિવસ ઢળી જવા આવ્યો. રાજાએ રસ્તામાં જ નમાજ પઢી લેવાનું નક્કી કર્યું અને નમાજ પઢવા લાગ્યો. ત્યાં એક યુવતી દોડતી દોડતી હાંફળી-ફાંફળી પસાર થઇ, રાજાને (નમાજ પઢતો) જોયો નહીં તેના પર પર પગ આપી દોડી ગઇ. રાજા ગુસ્સે થયો પણ નમાજ વચ્ચે માંડ ગુસ્સો દબાવી ચૂપ રહ્યો.

થોડીવારે પેલી સ્ત્રી પતિનો હાથ પકડી પસાર થઇ. રાજાનો હાથ તલવાર પર ગયો. કહ્યું, હું નમાજ પઢતો હતો ત્યારે મારા હાથ પર પગ દઇ તું જતી રહી તને શરમ છે કે નહીં!

સ્ત્રી, કહે રાજાજી મારો પતિ રતાંધડો છે તેથી હું તેને શોધવા દોડતી જતી હતી. પતિ પ્રેમમાં મને બીજું કંઇ ન દેખાય એ સ્વાભાવિક છે પણ તમે તો પતિથી મોટા અલ્લાહની ઇબાદત કરતા હતા અને છતાં તમે મને ધ્યાનથી જોઇ અને ઓળખી પણ ગયા?!

રાજાનો શરમ માર્યો ચહેરો ઊતરી ગયો. એક સ્ત્રી એ તેને 'ઇબાદત'નો સાચો અર્થ સમજાવી દીધો. તેને મનોમન વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

'મોસમ છલકે'... શિવરંજનીનું સૂર છલકતું નજરાણું

ઉઘડતે પડદે

- નરેશ ઝીંઝુવાડીયા

ગાંધીનગરની સૂર અને સંગીતની સાધનાને વરેલી સંસ્થા 'શિવરંજની' દ્વારા તા. ૧૮-૦૨-૨૦૧૫ના રોજ બુધવારે ગાંધીનગરના ટાઉન હોલમાં 'મોસમ છલકે' નામનો એક અદ્‌ભૂત ગુજરાતી સંગીતનો કાર્યક્રમ યોજાઇ ગયો. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના પ્રમુખ વાગ્મિન બૂચ દ્વારા સ્પષ્ટતા થઇ કે કાર્યક્રમના સંચાલનથી માંડીને ગીતોની રસલ્હાણ કરનારા તમામ કલાકારો ૩૫ વર્ષથી ઓછી વયના છે છતાં તેમની ગાયકીની પાકટતા અને પરિપૂર્ણતા મંત્રમુગ્ધ કરે તેવી હશે ત્યારે જ કાર્યક્રમ સૂરાવલિઓથી છલકાતો હશે એ વાત તો નક્કી થઇ ગઇ અને આમેય 'શિવરંજની'ની તમામ પ્રસ્તુતિ એક અનોખી છાપ છોડી જતી હોય છે જે કાર્યક્રમનાં અંતે અનુભવાઇ ચુક્યું. 'મૌસમ છલકે' એમ છલકતાં સુરોની સુરાવલિઓની મીઠી મધુરી ગુંજ વાગોળતા વાગોળતાં શ્રોતાઓ બહાર નીકળ્યા!!!

કાર્યક્રમની શરૂઆત હંમેશા પ્રભુ વંદનાથી જ હોય તેથી તેના ભાગરૂપે મા સરસ્વતીની 'યા કુન્દેદુ તુષાર હાર ધવલા.... સ્તુતિ વહેતી થઇ ત્યાં જ મંત્રમુગ્ધ થવાય તેવી ઘાયકી સાંભળવા મળી. આમ તો આ સ્તુતિ ઘણીવાર સાંભળી હોય પણ પ્રહર વોરાની 'નિશેષ જાડ્યાપહા... ના ઉચ્ચારણો તેમણે જે નાદથી વહેતાં કરીને સ્તુતિની સમાપ્તિ કરી એ એટલી અદ્‌ભૂત હતી કે મા શારદાની વંદના દિલનાં ઊંડાણમાંથી બહાર નીકળીને જાણે સંગીતની સૂરાવલિ છલકાવી ગઇ.'

ગુજરાતી સુગમ સંગીતની સદાબહાર રચનાઓ આવા ગાયકોના કંઠે કવાય ત્યારે સ્વાભાવિક રીતે તે આખી ગવાય એવી અપેક્ષા હોય પણ કાર્યક્રમની શરૂઆત જયારે વચ્ચે બ્રેક પાડ્યા વગર જ એક પછી એક ચડિયાતી કૃતિઓની એક મેડલી સ્વરૂપે થઇ ત્યારે ચારેય બાજુથી રેલાતા સૂરથી એક પવિત્ર વાતાવરણ સર્જાઇ ગયું. એનાથી જ અણસાર આવી ગયો કે ઉપસ્થિત યુવા પ્રતિભાઓ ઊંડી છાપ છોડીને જ જંપશે... આની પ્રસ્તુતિનો ક્રમ પણ રસપ્રદ લાગ્યો...!! આપણે સૌ રાખના રમકડાં... અને પ્રત્યેક માનવી એ એકલા જ આવવાનું અને એકલાં જ ચાલ્યા જવાનું અને તેથી જ જીવનની પ્રાપ્તિ થઇ છે ત્યારે દુઃખને ખંખેરી નાખીને રામ (ભગવાન) નો ભરોસો રાખવાની શીખ આપવાની વાતમાં જીવનની ફીલસૂફીની વાત પણ ખૂબીથી વહેતી થઇ ત્યારે સમગ્ર કાર્યક્રમની ગરિમા મુઠ્ઠી ઊંચેરી લાગી. જીવનના આ સત્યને સમજવા છતાં આ જીવ-પંખીને ક્યારેક તો આ પિંજરુ જુનું જુનું લાગે છે જ કેમ કે ભૌતિક જગતમાં આપણી સાહ્યબી ગમે તેવી હોય તો એની જ ઊંચી છે અને છેવટે જીવ ત્યાં જ ખેંચાઇ જાય છે!!! બહું સાધારણ લાગતી ગીતોના ક્રમની ગોઠવણીની આ વાત માણસ શાંત ચિત્તે મનન કરીને સાંભળે તો આવી સ્તુતિ કાર્યક્રમને એક અનોખાપણું અર્પે છે એમ લાગ્યા વગર ના રહે. આવો માહોલ હોય તો જીવનને સંગીતના રંગમાં રંગાઇ જવાનું કહેવાની જરૂર જ કેમ પડે? કાર્યક્રમની શરૂઆતમાં આ મેડલી સ્વરૂપની ઝલક માત્રથી ઝોતાઓ એટલા અભિભૂત હતાં કે આખી રચના પણ જલ્દી રજુ થાય તેની આતુરતા તો અકબંધ જ રહેતી. પછી તો કાર્યક્રમમાં એવા ગીતોની ધૂણી ધખાવી કે માડીના કંકુથી સૂર લયનો સૂરજ ઉગે અને કૃષ્ણની વાંસળીમાં રાધાનું નામ વહેતું કરીને અનેક રચનાઓ વહેતી થઇ. હિમાલીએ ગરજ ગરજ બરસો જલધર... ગાઇને પોતાની શાસ્ત્રીય સંગીત ઉપરની પક્કડ એવી રીતે ઉજાગર કરી કે તેની ગાયકીએ તાનારીરીના પાત્રને જીવંત કરી દીધું એટલું જ નહીં પણ હોલમાં જલધારાની વર્ષા થતી હોય એવો માહોલ ઊભો કર્યો. આવી રચનાઓ સાંભળીને લાગ્યા વગર ના રહે કે નાની વયના આ કલાકારો કંઇક નવીન પ્રતિભા ધરાવનાર સંગીતના સાચા સાધક સમાં હતા.

ગીત સંગીતના કાર્યક્રમોમાં પ્રાધાન્ય તો ગીતોનું જ રહે છે. માત્ર તેની પ્રસ્તુતિ માટે ઊચિત ભૂમિકા બાંધવાનું કામ એન્કરીંગ કરનારના શિરે હોય છે જે માર્ગીબેન હાથીએ બખૂબી નિભાવ્યું. બધાને ગમ્યું જ હશે એ વાત એમની વાણીના વિરામ પછી થતાં તાળીઓના ગડગડાટે સાબિત કર્યું. અહીં એક વાતનો ઉલ્લેખ કરવો યોગ્ય લાગે છે. તે એ કે સામાન્યતઃ આવા કાર્યક્રમોમાં સંચાલક ગીત રજૂ કરવાનું કહીને ક્યારે ખસી જાય એવી ઉત્કંઠા સાથે શ્રોતાઓ ગીત સાંભળવા આતુર હોય છે. આમાં ઉલટાનું એવું લાગ્યું કે માર્ગીબેન થોડી વધારે પૂર્વભૂમિકા બાંધે તો સારું. આમ એન્કરીંગ અને ગીતોની રજૂઆત એ બંને વચ્ચે જાણે એક સ્પર્ધા રચાઇ ગઇ. તેમની દરેક રજૂઆત એકદમ પ્રસંગોચીત અને ધારદાર રહી. ખાસ કરીને તેમણે કવયિત્રી અમૃતા પ્રિતમ પરત્વેની ઇમરોઝની લાગણીની વાત કરીને કેવા રે મળ્યા મનના મેળ ગીતની પ્રસ્તુતિ કરી ત્યારે તે ગીતમાં રજૂ થયેલી વાત ઇમરોઝના પ્રેમ સાથે કેટલી મેળ ખાય છે એમ લાગ્યા વગર ના રહ્યું.

પ્રહર વોરાએ જયારે તેમણે જ ગાયેલા કેટલા હલકા ફુલગા ગીતોની વચ્ચે 'મારી આંખે કંકુના સૂરજ આથમ્યા' જેવી ગંભીર રચના રજૂ કરી ત્યારે તેમને તમામ રેન્જની ગાયકી ઉપરના તેમના પ્રભુત્વને અંકિત કર્યું. આ જ રીતે આલાપ દેસાઇએ સ્વયં સ્વરાકિંત કરેલી ગઝલ 'રહસ્યોના પડદા ઉઘાડી તો જો' જેવી રચના સંભળાવીને એક ઉચ્ચ કોટિના સ્વરકાર હોવાનો પરિચય આપી દીધો. આ રચના સાંભળતાં દિલને પૂછવાનું મન થાય કે આજ સુધી પાંદડું લીલુ અને તેનો રંગ રાતો તેનું રહસ્ય કેમ ઉકેલાયું નથી!! આમ આવી અર્થસભર રચનાઓ પછી કાર્યક્રમના પ્રારંભની જેમ જ તેનો અંત પણ જોરદાર બને એટલે ફરીથી મેડલીનો ઉપયોગ કરીને તને જાતા જોઇ, તારા ભોળા દિલનો, હું અમદાવાદનો રિક્ષાવાળો, કોણ હલાવે લીમડી અને કોણ હલાવે પીપળી, નયનને બંધ રાખીને, તારી આંખનો અફીણી, ચરર ચરર મારું ચકડોળ ચાલે, આપણા મલકના માયાળું માનવી વગેરેની રસલ્હાણ કરી ત્યારે તે પ્રસ્તુતિ એક અમીટ છાપ છોડી ગઇ. આ દરેક ગીતના ગુચ્છને એક સાથે વાંચીને કોઇને એમ લાગે કે આમાં રીક્ષાવાળાનો મેળ કઇ રીતે પડ્યો હશે? એમાં ખાસિયત એ વાતની છે કે ગીતમાં બાપુનું ચિત્રણ બખુબી થયું છે અને તે કડી એટલે 'એક વાણિયે સાબરના પાણીની કિંમત જાણી' આ કડીનો ઉપયોગ કર્યો. આ કડી મુકીને તે મેડલીને માણવામાં આવે તો સંગીતની હારમાળા ક્યારેક કેવા અર્થ સામે લાવીને મુકે છે તેની ખબર પડે અને ત્યારે આપણાં લોકગીતો અને ગુજરાતી ભાષાની અમર રચનાઓ કોઇ પણ સમયે કેટલી પ્રસ્તુત બની રહે છે તેનો ખ્યાલ આવે.

કાર્યક્રમની ખૂબીમાં વધારે કરે તેવી બાબત એના સાજિંદાઓ હતા સંગીતમાં આધુનિક સાધનોનું યોગદાન હશે પણ તબલાં અને વાંસળી જેવા વાજિંત્રોનો મન ડોલાવન ઉપયોગ એટલો અદ્‌ભૂત રીતે થયો હતો કે તેના થકી માત્ર રજૂ થયેલી રચનાઓ રોચક ના બની પણ સાથે સાથે સમગ્ર કાર્યક્રમનું સંગીત સંયોજન યાદગાર બની રહ્યું. કાર્યક્રમના આયોજન વખતે જ ધ્યાનમાં લીધેલી આવી નાની નાની બાબતો કાર્યક્રમની સફળતાને ચાર ચાંદ લગાવી દે છે તેનો અનુભવ શ્રોતાઓને થયો.

આમ જોવા જઇએ તો 'શિવરંજની'એ ભૂતકાળના કાર્યક્રમોમાં પણ આવા સંગીતનાં અનોખા પ્રયોગો કર્યા તેમાં આ કાર્યક્રમમાં યુવા કલાકારોને તક આપીને સંગીતના એ સાધકો તેમની સાધનાને સુજ્ઞ ગુણીજનોની કસોટીએ મુકી શકે એવું મંચન કરવાની તક આપી. આ પહેલ પોતે જ એક પ્રકારની સંગીત સાધના ગણવી પડે અને એટલે જ કદાચ 'શિવરંજની' સૂર અને શબ્દની સાધનાને વરેલી સંસ્થા ગણાય છે અને તે યથાર્થ પણ છે.

યાદશક્તિ વધારવાનું પુસ્તક વાંચીને પંદર દિવસમાં પાછું આપવાનું એમણે કહ્યું હતું; પરંતુ કોની પાસેથી લીધું હતું તે યાદ આવતું નથી ! : અવળવાણી

સમાચાર સેતુ

ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ દ્વારા યોજાતા "આપણો કવિતા વારસો" કાર્યક્રમ અંતર્ગત ગાંધીનગર સાહિત્ય સભા, ગાંધીનગરના સહયોગથી એક કાર્યક્રમનું આયોજન; તા. ૧૫-૩-૨૦૧૫ને રવિવારના રોજ સાંજના ૬.૦૦ કલાકે, ગાંધીનગર જિલ્લા પુસ્તકાલય, સેક્ટર-૨૧, ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું છે. જેમાં સ્વાગત-ભૂમિકા નટવર હેડાઉ, કવિપરિચય હરિકૃષ્ણ પાઠક અને કાવ્યપઠન કવિ રવીન્દ્ર પારેખ કરશે, તો કવિમુખે કાવ્યનો આસ્વાદ લેવા સર્વે સાહિત્યકારો, સાહિત્ય રસિક-ભાવકોને જાહેર હાર્દિક નિમંત્રણ છે.

● વર્ધમાન વિકાસ સેવા ટ્રસ્ટ, વઢવાણ દ્વારા, ગુજરાતી સાહિત્યમાં ઉત્કૃષ્ટ સેવા બદલ દર વર્ષે કવિશ્વર દલપતરામ એવોર્ડ અર્પણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૫નો આ રૂ. પચ્ચીસ હજારનો એવોર્જ જાણીતા કવિશ્રી રમેશ આચાર્યને આપવાની જાહેરાત કરવામાં આવી છે.

અવળવાણી - યાદશક્તિ વધારવાનું પુસ્તક વાંચીને પંદર દિવસમાં પાછું આપવાનું એમણે કહ્યું હતું; પરંતુ કોની પાસેથી લીધું હતું તે યાદ આવતું નથી!

સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ
શબ્દ સેતુ

સંપાદકો : નટવર હેડાઉ/મૂળજીભાઇ પરમાર 'દધિ'

કાવ્યસેતુ : સહજતા

વસંતપંચમીમા કોયલ
નહિ ગાય
તો કોણ ગાશે?
પવનના સ્પર્શથી
પાણી નહિ લહેરાય તો કોણ લહેરાશે?
ચંદ્રની ચાંદની જોઇને
સાગર નહિ ઉછળે તો કોણ ઉછળશે?
કોયલના ટહુકામાં
પાણીના લહેરકામાંને
સાગરના ઉછડવામાં
યુગોયુગોથી સહજતા છે.
સિદ્ધાંત છે
વિજ્ઞાન છે
સ્પર્શ છે
સહવાસ છે
ક્યાંક કોઇ કોઇ ઉપર
જોહુકમી કરતાં નથી.

- સ્વાતિ શુકલ 'મૈત્રેયી'

પ્રભુ પ્રિત

મારી ઊડી ગઇ સખી નીંદ,
મેં તો કીદી પ્રભુથી પ્રિત...!
ભરરે જોબનીયે વસંત મ્હોરી,
ટહુક્યા કરે મનડાના મોર,
મખમલી જામે શ્યામ સુંદર આવીયા,
કંઠે કર્યો કોકીલ કલસોર,
- મારી ઊડી ગઇ સખી નીંદે... મેં તો
સૌનો સહિયારો શ્યામ મારો સુંદર,
સૌનોયે ચિતડાનો ચોર..
રંગભરી સૌને રાસ રમાડ્યા,
રૂઢયો છે બની માખણચોર...
- મારી ઊડી ગઇ સખી નીંદ... મેં તો
આંખના કામણ એવા કે કીદા એણે,
હરી લીધા હૈયાના હેત...
રાત વેરણ મારી શ્યામ વિના,
સૂતી નહીં અગનભર સેજ...
- મારી ઊડી ગઇ સખી નીંદ
મેં તો કીદી પ્રભુથી પ્રિત...

- રમણલાલ એમ. શ્રીમાળી

હૃદયહીન પાષાણ!

દલો હાથ જોડીને કહે છે :
"સાહેબ, તમેય બસ, જોયા જ કરો છો?
મારે શિવરાત્રીનો ઉપવાસ છે અને
આ ભોળિયો - ભટાકના દર્શન માટે
મને જવા દેતા નથી!
મારા અને આ જાય એ
દલસુખ શેઠ વચ્ચે શું ફેર લાગે છે?
મારી કઇ ઉણપે, પૂજારી બરાડીને
મને દબડાવે છે?"
સાહેબ બોલ્યા : "ભઇલા!
હું તને શ્યેં સમજાવું?!
ભીતરે ભરાઇને બેઠો એ
ભગવાન નથી; દિલહીન પાષાણ છે,
નહીંતર
માનવ-માનવના ભેદમે
"બંમ્ .. બંમ્..ભોલે" કહીને
ત્રીજું નેત્ર ખોલત નહીં!
પરંતુ....
એ છે હૃદયહીન પાષાણ!
ફક્ત પાષાણ!"

- મૂળજીભાઇ પરમાર 'દધિ'

ગઝલ

જેનું જે થવું હોય તે થાય આપણે શું?
એનું જે થવું હોય તે થાય આપણે શું?
આપણે તો આપણી મરજીના રાજા
બીજાનું જે થવું હોય તે થાય આપણે શું?
આ દુનિયામાં કોઇ કોઇનું નથી દોસ્ત...!
સૌનું જે થવું હોય તે થાય આપણે શું?
મતલબ વિના કોઇ - કોઇને બોલતું ય નથી
તેનું જે થવું હોય તે થાય આપણે શું?
આપણું 'શું' માં સૌ કૌઇ પાછળ રહી ગયા
કોઇનું જે થવું હોય તે થાય આપણે શું?
એથી તો આપણા પણ આપણાથી જુદા થઇ ગયા
જેનું જે થવું હોય તે થાય આપણે શું?

- ભીખુ કવિ

ઘાણીનો બળદ કદી ભૂલો નથી પડતો!

રોહિતોપદેશ

- રોહિત શાહ

ઘાણીના બળદને એક બાબતે નિરાંત હોય છે કે એ કદી ભૂલો પડતો નથી. આખો દિવસ ચાલી-ચાલીને થાકી ગયો હોય છતાં એ પોતાના મુકામ પર સ્થિર રહે છે, એ રખડી-રઝળી પડતો નથી.

ઘાણીના બળદ થવામાં સલામતી છે, પણ એમાં સફળતા નથી. ચોવીસે કલાક ચાલ-ચાલ કર્યા પછીયે એ ક્યાંક પહોંચતો નથી. ઘણા લોકો સ્વેચ્છાએ ઘાણીના બળદ જેવી જિંદગી પસંદ કરતા હોય છે, કારણ કે એમાં ટેન્શન નથી હોતું, જવાબદારી નથી હોતી, સાહસની જરૂર નથી પડતી. એક ઢાંચા પ્રમાણે જીવ્યે રાખવાનું. એક બીબા મુજબ જીવ્યે જવાનું. એક સંપ્રદાય કે એક ગુરુના નામનો ખીંટો પકડીને બેસી જવાનું. સંપ્રદાયના નિયમોને વળગી રહેવાનું અને ગુરુની આજ્ઞાઓ પાળતા રહેવાનું. સ્વતંત્ર વિચાર કરવાનો નહિ કે પોતાનો વિકાસ કરવાનો નહિ. ગુરુ નામનો ઘાંચી સંપ્રદાય નામની ઘાણીએ બાંધીને આપણને ગોળ-ગોળ ચકકર મરાવ્યા કરે. આખો અવતાર ડાહ્યાડમરા અને કહ્યાગરા ગુરુભક્ત થઇને આપણે ગોળ-ગોળ ફરતા રહીએ. છેલ્લે મનમાં એમ હોય કે આટલું બધું ચાલ્યા પછી (જાતજાતનાં ક્રિયાકાંડ અને વિધિવિધાનો કર્યા પછી) હવે તો હું મોક્ષ-વૈકુંઠમાં પહોંચી જ ગયો હોઇશ! પણ આંખ ખોલીને (ચેતનાતંત્ર જાગે) ત્યારે ભાન પડે કે આપણે ઠેરના ઠેર જ છીએ. જિંદગી આખી ઘાણીના બળદ બનીને ફોગટનાં ચક્કર માર્યા કર્યા!

કેટલાક લોકોનું લક્ષ્ય માત્ર પેટપોષણ જ હોય છે. જીવનની પ્રાથમિક આવશ્યકતાઓ સહેલાઇથી ઉપલબ્ધ થઇ જાય તો પછી બીજું કશુંય અચીવ કરવાની તેમને ઇચ્છા કે ઝંખના હોતી નથી. એવા લોકો સ્વેચ્છાએ પાંજરામાં પુરાયેલા પોપટ બની જાય છે. તેમને સમયસર ભોજન-પાણી મળતાં રહે છે. પેટપોષણની તેમને કશી જ ચિંતા હોતી નથી. બસ, બહુ થઇ ગયું! થોડાક રાગડા તાણ્યા ને થોડાં લટૂડાંપટુડાં કર્યા, સાંભળનારા - જોનારા ટોળાએ તાળીઓ પાડી, જયજયકાર કર્યા. બીજું શું જોઇએ?

આ બીબાયુક્ત જીવન છે. એમાં બંધન છે. એમાં સીમાઓ છે અને એમાં અમુક આવશ્યકતા છે. એણાં આપણી મરજીથી કશું જ કરવાનું નથી હોતું. એમાં પરંપરાની પરાધીનતા હોય છે. ભગવા કપડાં પહેરો, ગળામાં માળા નાખો, ઉઘાડા પગે વિહાર કરો, આટલા નિયમ પાળો અને આટલાં વિધિવિધાન કરો - એ બીબાની બહાર નજર પણ ન કરી શકાય. જો એ બીબા વગરનું જીવન જીવવાની કોશિશ પણ કરો તો આબરૂના રેવડીદાણા થઇ જાય, ઇજ્જતના વાવટા લહેરાવા માંડે.

બીબાયુક્ત જીવન બંધિયાર બની જાય છે. યુગ બદલાય તોપણ આપણે બીબામાં જ પુરાઇ રહેવું પડે છે. નવી તાજગી અને નવી શૈલી અને નવા વિચારોથી આપણે આભડછેટ પાળવી પડે છે. શ્વાસ રૂંધાઇ જાય અને જીવતર ગંધાઇ ઊઠે તો ય આપણે ઘરેડમાંથી બહાર નથી નીકળી શકતા. કૂંડાળામાં આજીવન કારાવાસ વેઠવાનો રહે છે.

જે માણસ બીબાયુક્ત જીવનશૈલી ત્યાગી શકે છે, તે જ વ્યક્તિ નવી સિદ્ધિઓ પામી શકે છે. એક વખત સ્વતંત્ર થયા પછી થોડીક જવાબદારીઓ નિભાવવી પડશે, થોડાં સાહસ કરવાં પડશે, પૂર્ણપણે સ્વાવલંબી બનવું પડશે, પણ એના બદલામાં જે તાજગીનો અહેસાસ થશે એ દુર્લભ હશે. શક્ય છે કે એમ કરવાથી બત્રીસ પકવાન નહિ મળે અને ચરણચંપી કરનારા ટોળા નહિ મળે, પણ સત્ય જરૂર મળશે, મડદાને સત્ય ન જડે, મડદાને તાજગી ન મળે. બીબાયુક્ત જીવન એ મડદા જેવું છે.

જીવન આપણું હોય તો જીવનશૈલી પણ આપણી મૌલિક હોય. આપણે કેવી રીતે જીવવું, કેવી રીતે બોલવું, ક્યાં જવું - ક્યાં ન જવું એવું બીજા લોકો શાના નક્કી કરે? કોઇને નડતરરૂપ ન થવાય એ રીતે સ્વતંત્ર જીવન જીવવામાં વળી માપ શાનું? ઉછીના અનુભવો અને ઉધારના વિચારો મુજબ જીવવા માટે જ આપણે આ પૃથ્વી પર નથી આવ્યા. આપણે સડેલું બંધિયાર જીવન નથી જીવવું, પણ સ્વતંત્રતાથી છલોછલ સાત્ત્વિક જીવન જીવવું છે, એ માટે જે જોખમોનો સામનો કરવો પડે એ કરીશું અને જે અવરોધો આવે તેમનો સામનો કરીશું. એમ કરવાથી જ આપણું સામર્થ્ય વધશે. સામર્થ્ય હોય ત્યાં ઓશિયાળાપણું ન હોય - લાચારી ન હોય.

જેણે પરંપરામાં પરિવર્તન આણીને સમાજને નવો રાહ બતાવ્યો હોય તેને જ ઇતિહાસ યાદ કરે છે. ઘરેડમાં ચાલનારા લોકો સમયની ધૂળમાં દટાઇ જાય છે. ચોક્ઠામુક્ત થવાનું સામર્થ્ય હોય એના માટે લાઇફમાં હંમેશા હશે - નો પ્રોબ્લેમ.